ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

સે-૬ અપનાબજાર વિસ્તારમાંથી ૪૫૦ ગેરકાયદે દબાણો દુર કરાયા

૩૫ હજર ચો મી જગ્યા ખુલ્લી કરાઇ : અપનાબજાર ફરતે લાંબા સમયથી દબાણોએ ભરડો લીધો હતો : તંત્રની ટીમે જેસીબી અને ટ્રેકટર સાથે સવારથી જ ઝુંબેશ હાથ ધરી : ઝુંપડાઓ , લારી ગલ્લા તેમજ પતરાના શેડના દબાણો દુર કરાયા : ફરીથી દબાણો ન થાય તે માટે ઇન્કવાયરી કચેરી કક્ષાએથી પેટ્રોલીંગ કરવામાં આવશે : ખુલ્લી જગ્યામાં નવરાત્રિ, સરકસ અને મેળા સહીતનુ આયોજન થઇ શકશે

ગાંધીનગર તા ૧

ગાંધીનગરના સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી દબાણોની હારમાળા જોવા મળે છે. સેકટરો દબાણોની ગિરફતમાં આવી જતા ઠેર ઠેર નતનવી સમસ્યા ઉભી થઇ છે. સ્માર્ટ સીટીમાં દબાણની પેચીદી સમસ્યાને દુર કરવા માટે તંત્ર દ્વારા આજે સે-૬ માં અપનાબજાર ફરતેના વિસ્તારમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સવારથી જ તંત્રની ટીમે સંયુકત કામગીરી હાથ ધરીને અંદાજિત ૪૫૦ જેટલા દબાણો દુર કર્યા હતા ઝુંપડાઓ પતરાના શેડ અને લારી ગલ્લાના દબાણો દુર કરી આ વિસ્તારમાં ૩૫ હજાર ચો મી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી જેના લીધે હવે આગામી દિવસોમા આ ઠેકાણે જાહેર કાર્યક્રમ થઇ શકે તે માટે ખુલ્લી જગ્યા ઉપલબ્ધ થશે

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દબાણો દુર કરવાની કામગીરી ઠપ્પ થઇ જતા સેકટરોમાં ઠેર ઠેર દબાણોનો અડ્ડો જોવા મળે છે. નગરના વોક વે તેમજ પાર્કીંગ પ્લેસ પણ દબાણોની ગિરફતમાં છે. આવા સંજોગોમાં શહેરમાં પાર્કીંગ વ્યવસ્થા ખોરવાઇ ગઇ છે. જયારે સાંકડા સર્વિસ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. શહેરના સેકટરોમાં કોમન પ્લોટ તેમજ જાહેર જગ્યાએ ખુલ્લા મેદાનો અને વન આરક્ષિત વિસ્તારમાં પણ દબાણોનો અડ્ડો છે. જેના લીધે કોર્મશિયલ વિસ્તારમાં પણ ટ્રાફિક જામ વચ્ચે આમ નાગરિકો રોજ બરોજ હાલાકી વેઠી રહ્યા છે. રહેણાંક વિસ્તાર નજીક પણ ઝુંપડાના અને લારી ગલ્લાના દબાણો વધતા રહીશો માટે અનેક સમસ્યાઓ ઉભી થઇ છે. શહેરના સે-૬ના અપનાબજાર પાસેના

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાની શાળાઓમાં આજથી પંદરમી સુધી સ્વચ્છતાના વિશેષ પાઠ ભણાવાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આજથી સ્વચ્છતા પખવાડિયાની ઉજવણીનો પ્રારંભ થયો છે. સ્વચ્છતાના મુદ્દે સામાજિક ક્ષેત્રમાં બાળકોને વધુ સક્રિય કરવાના અભિગમ સાથે શરૂ થયેલ આ પખવાડિયા દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

જેમાં કોવિડ ગાઈડલાઈનના પાલન માટેનું પ્રતિજ્ઞા વાંચન, સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત શાળા સંકુલની સ્વચ્છતાનું અભિયાન, સ્વચ્છતાના મુદ્દે બાલ સંસદ, સ્વચ્છતા માટે ખાસ પ્રભાતફેરી, સ્વચ્છતા માટે બાળકોને ખાસ હેન્ડવૉશની તાલિમ આપવાનું આયોજન, વરસાદી પાણીના સંગ્રહની ક્ષમતામાં વધારા માટે બાળકોને સાથે વાલીઓ સાથે બેઠક કરવાનું આયોજન સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

સ્વચ્છતાને લઈ ૧૫ દિવસ સુધી ચાલનારા આ અભિયાનને અંતે ઈનામ વિતરણની કામગીરીનું આયોજન કરવા પણ જણાવવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

સામાન્યતઃ ચોમાસાની ઋતુમાં સ્વચ્છતા અભિયાન એટલા માટે યોજવામાં આવતુ હોય છે કે બાળકમાં સ્વચ્છતાના શિક્ષણની સાથે સાથે સ્વચ્છતા તેના જીવનનો હિસ્સો અને ટેવ બને તે જરૂરી હોઈ આ ઉજવણી કરવામાં આવતી હોય છે.

જિલ્લાની આજે ઘણી બધી શાળામાં કોવિડ ગાઈડલાઈનના પાલન અને સ્વચ્છતા અંગેના શપથ લેવામાં આવ્યાનું પણ જાણવા મળેલ છે. સ્વચ્છતા અભિયાન દરમ્યાન હેન્ડવોશની વિશેષ તાલિમનું પણ આયોજન જે તે ગામના તબીબી અધિકારી અથવા આરોગ્ય કર્મીયોગીને સાથે રાખી યોજવામાં આવશે.

કોરોનાના ૭ કેસ નોંધાયા : શહેરમાં ૪ અને ગ્રામ્યમાં ૩ કેસ

ગાંધીનગરના છાલામાં બે કેસ અને દહેગામમાં એક કેસ નોંધાયો, શહેરના સરગાસણમાં બે, ભાટ અને સે. ૨૮માંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ ૭ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં સતત બીજે દિવસે કોરોનાના ૪ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ત્રણ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલે એક પણ કેસ ન હતો પરંતુ આજે ત્રણ નવા કેસ મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં બે કેસ ગાંધીનગર તાલુકામાં અને એક કેસ દહેગામ તાલુકામાં નોંધાયો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૩ કેસમાં બે મહિલા દર્દીઓ સામેલ છે. મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રમાં ચિંતાની લાગણી વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં લોકલ ટ્રાન્સમિશનથી કેસો નોંધાયાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકામાં કોરોના માટે સંવેદનશીલ બનેલ છાલામાંથી આજે બે કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત દહેગામ તાલુકાના નાંદોલ ગામેથી ૨૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ

શહેરમાં આજે નોંધાયેલા ૪ કેસમાં ત્રણ મહિલા દર્દીઓ છે : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ

છે. આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે એકટીવ કેસની સંખ્યા ૪૬ પર પહોંચી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બે હજારથી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૪ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસમાં એક દર્દી તાજેતરમાં સોમનાથ વેરાવળની મુલાકાતે જઈ પરત ફર્યો હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા ૪ કેસમાં ત્રણ મહિલા દર્દીઓ છે. શહેરમાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણમાં હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે હવે છુટા છવાયા કેસો મળી રહ્યા છે. જો કે મળતા તમામ કેસોને ગંભીરતાથી લેવામાં આવી રહ્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં સરગાસણમાંથી બે, ભાટ અને સે. ૨૮માંથી એક-એક કેસ મળી આવેલ છે.

આજે નોંધાયેલા ૩ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડીસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં સ્વાઈન ફ્લુના નવા ૩ કેસ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં આજે સ્વાઈન ફ્લુના વધુ ૩ કેસ નોંધાયા

સુઘડ-પાલજ અને સે. ૧૩માંથી કેસો મળી આવ્યા, શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૫૪ પર પહોંચી

છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૫૪ થઈ છે. શહેર-જિલ્લામાં થઈ સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૬૮ થઈ છે.

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુના કેસો વધતાં તંત્રની ચિંતા વધી રહી છે. સ્વાઈન ફ્લુના કેસો જે ગતિએ વધી રહ્યા છે અને દર્દીઓનું હોસ્પિટલાઈઝેશન વધ્યુ હોઈ ચિંતા ઘેરી બની છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સ્વાઈન ફ્લુનો એક પણ કેસ નોંધાયો નથી. સ્વાઈન ફ્લુની સારવાર હેઠળના બે દર્દીઓને રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં હાલ બે દર્દી સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા ૩ કેસમાં બે મહિલા દર્દી છે. આજે નોંધાયેલા કેસમાં બે દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જ્યારે અન્ય એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલ ૩એ દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાના એક તલાટીએ સરકારની નીતિ સામે રાજીનામુ આપ્યુ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર કલેકટર કચેરીમાં ચૂંટણીની કામગીરી પર મુકવામાં આવેલ એક તલાટી સંવર્ગના કર્મચારીએ આજે સરકારની નીતિઓના વિરોધમાં રાજીનામાનો પત્ર આપી દીધો હોવાની વાતને લઈ કર્મચારીઆલમમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

તલાટી સંવર્ગમાં ફરજ બજાવતા આ કર્મચારીએ રાજીનામાનો પત્ર કચેરીમાં આપી અને ચાલતી પકડતાં સૌ કોઈ ચોંકી ઉઠ્યા છે.

તપાસ કરતાં જાણવા મળ્યુ છે કે રાજીનામાનો પત્ર મળ્યો છે પણ હાલ તે રજીસ્ટ્રી બ્રાન્ચમાંથી મહેકમ બ્રાન્ચ સુધી પહોંચ્યો છે. હવે શું થાય છે તે જોવુ રહ્યુ.

જો કે એવી પણ ચર્ચા જાણવા મળી છે કે આ તલાટીએ તેની પ્રોફાઈલમાં આપ પાર્ટીનું નિશાન મુક્યુ છે.

પદયાત્રીઓ માટે વેક્સિનેશન અને મા-કાર્ડ માટે પણ ખાસ વ્યવસ્થા

અંબાજી પદયાત્રીઓને જિલ્લાના માર્ગો પર - કેમ્પોની આસપાસ સ્વચ્છતા રહે તેના સુચારું આયોજન અર્થે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતા પદયાત્રીઓ માટે કોવિડ-૧૯ વેક્સિનેશન તથા પી.એમ.જે.વાય.ના કાર્ડ મોટ ત્રણ સ્થાનો પર ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

ભાદરવી પૂનમના મેળામાં ભાગ લેવા અંબાજી સુધી જતા પદયાત્રીઓ માટે તંત્રએ આમ તો ૧૦ મેડિકલે કમ્પો શરૂ કર્યા છે જેમાં ઉવારસદ, રણાસણ ચોકડી, મોટા ચિલોડા, ગિયોડ મંદિર, ચંદ્રાલા, વાસણિયા મહાદેવ, બાલવા ચોકડી, બોરૂ કોટન મીલ, વિહાર ચોકડી તેમજ ધમાસણા ગામે કેમ્પો શરૂ કરવામાં આવ્યા છે.

મોટા ચિલોડા, વાસણિયા મહાદેવ, બોરૂ અને ઉવારસદ ખાતે આયુર્વેદની સેવાઓ પણ ઉપલબ્ધ થશે.

જ્યારે કોવિડના સંક્રમણ સામે વધુ રોગ પ્રતિકારક શક્તિ પ્રાપ્ત થાય અને ડ્યુ ડોઝ વેક્સીનનો થયો હોય તો પદયાત્રીઓ માટે રણાસણ ચોકડી, મોટા ચિલોડા અને વાસણિયા મહાદેવ ખાતે વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જગત જનની માં અંબાના પગપાળા દર્શન કરવા જતા પદયાત્રીઓને કોઈ તકલીફ ન પડે. માર્ગ અકસ્માતની ઘટના ન બને અને સ્વચ્છતા જળવાઈ રહે તેવા ઉમદા આશયથી આજરોજ ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રની બેઠક કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં અંબાજી જવાના મુખ્ય છ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. આ તમામ રુટ પર નોડલ અધિકારીઓની નિમણુંક કરવામાં આવશે. નોડલ અધિકારીઓની ટીમ રાઉન્ડ ધ કલોક પોતાની ફરજ બજાવશે. તમામ સેવા કેન્દ્રોની મુલાકાત લઈ તેના આયોજકોને સ્વચ્છતા રાખવાની વાત પર ખાસ ભાર મુકશે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં હજુ શ્રાવણના સરવરિયા, ક્યાંક ક્યાંક વરસાદી ઝાપટાથી ભીંજારો

છેલ્લા બે દિવસથી એકાદ વાર હળવુ ઝાપટુ વરસાવી જતા વરસાદના લીધે સેકટરોમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા : ભાદરવાના પ્રારંભે બદલાતા મોસમના મિજાજ વચ્ચે ઉકળાટનુ પ્રમાણ વધુ નગરજનોને બેચેની

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં છેલ્લા બે ચાર દિવસથી વાતાવરણમાં બદલાવ જોવા મળે છે. વાતાવરણમાં વારંવાર નાટયાત્મક બદલાવ જોવા મળે છે. ગઈકાલે પણ વરસાદી છાંટણા વરસ્યા હતા જયારે આજે પણ સવારથી તડકી છાયડીના માહોલ વચ્ચે બપોરના સમયે વરસાદનુ હળવુ ઝાપટુ વરસતા સેકટરોમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી મહત્તમ તાપમાન પણ ૩૦ ડીગ્રી ઉપર જોવા મળે છે. જયારે અત્યાર સુધી સિઝનનો ૬૫૦ મી મી વરસાદ નોંધાયો છે. આજે બપોરના સમયે વરસાદી ઝાપટાથી સેકટરોમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો.

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં વરસાદી નઝારો નિખરે છે પરંતુ મેઘરાજા ધોધમાર વરસતા નથી જેના લીધે વાતાવરણમાં બે ચાર દિવસથી ઉકળાટનુ પ્રમાણ વધ્યુ છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે તડકી છાયડીનો માહોલ જોવા મળ્યો હતો. જો કે દિવસ દરમિયાન નગરજનોએ આકરો બફારો અનુભવ્યો હતો. બપોરના સમયે વાદળિયા વાતાવરણ વચ્ચે અચાનક જ વરસાદનુ હળવુ ઝાપટુ વરસી જતા શહેરના સેકટરોમાં ઠેર ઠેર વરાસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. શહેરના મુખ્ય ઘ માર્ગ પર સ્થિત અન્ડર પાસમાં વરસાદી પાણી ભરાઈ જતા ટ્રાફિક પ્રભાવિત થયો હતો જયારે સેકટરોમાં પણ ઘણાં ઠેકાણે વરસાદી પાણીના ખોબોચિયા ભરાયા હતા છેલ્લા બે દિવસથી મેઘરાજા ભાદરવામાં શ્રાવણની જેમ સરવરિયા વરસાવતા પલે પલે મોસમનો મિજાજ બદલાતો જોવા મળે છે. ગત ઓગષ્ટ મહીનામાં બે ત્રણ ભારે રાઉન્ડના લીધે શહેરમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ... ઈંચ વરસાદ થયો છે. જો કે શહેરમાં સિઝનના સરેરાશ વરસાદની સાપેક્ષમાં પુરતો વરસાદ થઈ ગયો છે. ધીમી ધારે વરસતા વરસાદના લીધે ખેતીને પણ વિશેષ લાભ થતા ખેડુતોમાં હર્ષની લાગણી વ્યાપી છે. આજે દિવસના એકાદ વારના ઝાપટાના અંતે શહેરમાં આકાશ પણ ચોખ્ખુ રહ્યુ હતુ જયારે દિવસ દરમિયાન તડકી છાયડીના વાતાવરણ વચ્ચે નગરજનોએ ઉકળાટનો અહેસાસ કર્યો હતો. એકબાજુ શહેરમાં છેલ્લા ત્રણ મહીનાથી વાદળિયા વાતાવરણ અને વરસાદી છાંટણાના લીધે સતત ભીંજારાનો માહોલ જોવા મળે છે ત્યારે નગરજનો હવે ભાદરવો તપે તેવી ઉત્સુકતા સેવી રહ્યા છે. શહેરના સેકટરોમાં સતત વરસાદી

● અનુસંધાન પાન-૭ પર

...પરંતુ બફારો યથાવત

ગાંધીનગર, તા. ૧

ભાદરવા મહિનાના પ્રારંભે જ વાતાવરણમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. બે દિવસ આકરો તડકો પડ્યા બાદ આજે આકાશમાં વાદળો ઘેરાયા હતા પરંતુ બફારો યથાવત રહ્યો હતો.

આ વર્ષે ચોમાસુ ખુબ સારૂ રહ્યુ છે. ચોમાસાના બે માસમાં જ મોટાભાગના વિસ્તારોમાં સો ટકાથી વધુ વરસાદ પડી ચૂક્યો છે. ભાદરવો મહિનો તો હજુ શરૂ થયો છે હજુ વધુ વરસાદની પુરેપુરી આશંકા છે. ભાદરવા મહિનાના પ્રારંભે જ ભાદરવાની આકરી ગરમીનો સૌએ અહેસાસ કર્યો હતો અને આકરો તડકો અનુભવાયો હતો. આકરા તડકાની સાથે જ ખુબ બફારો અનુભવાતા વસાહતીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. બફારાએ જાણે ઉનાળાનો અહેસાસ કરાવી દીધો હતો. સવારથી જ બફારો અનુભવાતા એસીની જરૂરીયાત રહી હતી. બે દિવસ આકરો તડકો પડ્યા બાદ આજે બપોરના સમયે આકાશમાં વાદળો ઘેરાયા હતા. વાદળોનો જમાવડો ખુબ રહ્યો હતો. વાદળો ઘેરાતા અને પવન બંધ રહેતા બફારાએ સૌને અકળાવી દીધા હતા. બપોરે કેટલાક સેક્ટરોમાં વરસાદનું જોરદાર ઝાપટું પડ્યું હતું. પલળી જવાય તેવો વરસાદ નોંધાયો હતો. જોકે નવા સેક્ટરોમાં વરસાદનુ એક ટીપુંય પડ્યુ ન હતુ. સાંજ પડતા જ ફરી બફારાએ સૌને પરેશાન કરવાનુ શરૂ કર્યુ હતુ. ખુબ વરસાદ પડ્યો હોવા છતાં હજુ વાતાવરણમાં ઠંડક થઈ નથી.

ખારીકટ-ફતેવાડીના પિયત વિસ્તારને નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવાશે

મુખ્યમંત્રીનો ખેડૂતલક્ષી વધુ એક નિર્ણય : ૧૧૧ ગામોના અંદાજે ૩૫ હજાર હેક્ટર પિયત વિસ્તારને સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારમાં સમાવી લેવાનો ત્વરિત નિર્ણય

નર્મદા,તા.૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ૧૧૧ ગામોના ખેડૂતોને સિંચાઇ માટે પૂરતું પાણી મળી રહે તેવા ઉદાત્ત અભિગમથી વધુ એક ક્રાંતિકારી કૃષિ હિતલક્ષી નિર્ણય કર્યો છે. આ નિર્ણય અનુસાર ખારીકટ-ફતેવાડી યોજનાના અંદાજે ૩૫ હજાર હેક્ટર પિયત વિસ્તારને સરદાર સરોવર નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવી લેવાશે.

ખારીકટ-ફતેવાડી યોજનાનો આ આશરે ૩૫ હજાર હેક્ટર પિયત વિસ્તાર નિયમીત પાણીના અભાવે છેલ્લા ઘણા વર્ષોથી સિંચાઈના પાણીની તકલીફ ભોગવતો હતો. એટલું જ નહીં,અત્યાર સુધી સરદાર સરોવર યોજનામાંથી જેટલું શક્ય બને એટલું પાણી આ પિયત વિસ્તારને આપીને ખેતી બચાવવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ૧૧૧ ગામોના અંદાજે ૩૫ હજાર હેક્ટર પિયત વિસ્તારને સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારમાં સમાવી લેવાનો ત્વરિત નિર્ણય કરીને આ લાંબા સમયથી પડતર પ્રશ્નનો સુખદ ઉકેલ લાવી દીધો છે.

આ કિસાન હિતકારી નિર્ણયને પરિણામે ૧૧૧ ગામોના ૬ હજારથી વધુ ખેડૂતોને પણ સિંચાઈ માટે સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારોના અન્ય ખેડૂતોને જે રીતે નિર્ધારીત પાણી મળે છે તે જ રીતે નર્મદા જળ મળતું થશે.

લેકાવાડા પાટિયાથી શાહપુર ક્રોસ રોડ ૩જી સપ્ટે.ના રોજ વોકિંગ ટેસ્ટને લઈ સવારે બંધ રહેશે

ગાંધીનગર, તા. ૧

વનરક્ષક વર્ગ-૩ની સીધી ભરતી માટેના વોકિંગ ટેસ્ટના તા. ૩જી સપ્ટેમ્બરના રોજ કરાયેલ આયોજનને લઈ આજે એક જાહેરનામુ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા જારી કરવામાં આવ્યુ છે.

અધિક નિવાસી કલેક્ટર વ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સુશ્રી આર.ડી. સિંહની સહિથી જારી કરાયેલ આ જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે લેકાવાડા પાટિયાથી શાહપુર ક્રોસ રોડ (અરણ્ય ઉદ્યાન સામે વાયા પાલજ-બાસણ ગાંધીનગર) રોડ પરનો એક તરફનો રોડ તા. ૩ સપ્ટેમ્બરના રોજ સવારના ૩ કલાકથી ૧૧ કલાક સુધી પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ રોડ પરનો ટ્રાફિક બાજુની લેન પર ડાયવર્ડ કરવામાં આવશે તેમ પણ આ જાહેરનામામાં જણાવવામાં આવ્યુ છે.

૨૮૫ જેટલા ઉમેદવારોનો વોકિંગ ટેસ્ટ યોજાવાનો હોઈ આ અંગે નાયબ વન સંરક્ષકની દરખાસ્ત પર પોલીસ અધિક્ષકના અભિપ્રાયને ધ્યાને લઈ આ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com